## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... ફૂડ પેકેટ તૈયાર છે... સ્ટીકર જ મારવાના છે... તમે પાર્ટી બદલવાના હોય તો જલદી કરો... મરચાનું અથાણું ને થેપલા બગડી જાય તેમ છે...!!**

# જિલ્લામાં ભારે વરસાદથી ૨૭ પશુઓ અને ૭ માનવ મૃત્યુ નોંધાયા

**૨૫૦૦થી વધુનું સ્થળાંતર કરાયુ હતુ : ૫૨૩ મિલ્કતોને નુકશાનના અહેવાલો આજથી સર્વેલન્સ શરૂ કરાયા : પાંચ બિનવારસી પશુ પણ મોતને ભેટ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં થયેલા ભારેથી અતિભારે વરસાદમાં ૨૫૦૦ જેટલા લોકોનું તંત્ર દ્વારા સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૧૩૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું.

જિલ્લાતંત્ર દ્વારા ભારેથી અતિભારે વરસાદ અંગે તૈયાર થઈ રહેલા અહેવાલની પ્રાથમિક વિગતો મુજબ ૭ જેટલા માનવમૃત્યુ નોંધાયા છે. જેમાંથી ૨ કિસ્સામાં રૂ. ૪ લાખની સહાયનું ચુકવણુ કરી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ૨૭ જેટલા પશુઓના મૃત્યુ નીપજ્યા છે. સૌથી વધુ પશુ મૃત્યુ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. જે ૧૬ જેટલા થાય છે. કલોલમાં ૫ પશુ, દહેગામમાં ૪ પશુ અને માણસામાં ૨ પશુ મૃત્યુને ભેટ્યા છે. જે પશુઓ મૃત્યુ પામ્યા છે તેમાં પાંચ પશુ બિનવારસી હોવાનું તંત્રની તપાસમાં બહાર આવવા પામ્યું છે.

મિલ્કતોને થયેલા નુકશાન આજ સુધીમાં ૫૨૩ મિલ્કતોને નુકશાન થયાનું નોંધાયું છે જે અંગે વિગતવાર સર્વેનું કામ આજથી હાથ ધરાયુ છે. મળતી વિગતો પ્રમાણે ૫૨૩ મિલ્કતોમાંથી બે પાકા મકાનો ધરાશયી થવા પામ્યા છે. જ્યારે ૫૨૧ મિલ્કતોને વત્તા-ઓછે અંશે નુકશાન પહોંચ્યું છે.

પ્રાપ્ત થતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે સૌથી વધુ દહેગામ તાલુકામાં મિલ્કતોને નુકશાન થયાના અહેવાલો છે. જેની સંખ્યા ૩૫૦ જેટલી છે. ગાંધીનગર તાલુકામાં ૩૪ જેટલી, માણસામાં ૫૦થી વધુ તેમજ કલોલમાં પણ ૫૦થી વધુ મિલ્કતોને નુકશાન પહોંચ્યુ હોવાના અંદાજો છે.

તંત્ર દ્વારા આગામી સપ્તાહમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન કરી દેવાયા બાદ અહેવાલ તૈયાર કરવામાં આવશે. જિલ્લામાં સર્વે માટે ૪૧ જેટલી ટીમો બનાવવામાં આવી છે તે પણ ઉલ્લેખનીય છે.

## ભારે વરસાદ દરમિયાન સેકટરોની ગટર લાઈનમાં ઠેર ઠેર ભંગાણ

**તંત્રએ સર્વેના અંતે કામ શરૂ કર્યુ : દાયકાઓ જુની ગટરલાઇનના મેઇનહોલ પણ તકલાદી થઇ ગયા છે : ગટરલાઇન અપગ્રેડ કરવાની અનિવાર્યતા**

શહેરમાં ભારે વરસાદ દરમિયાન માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. જયારે સેકટરોમાં સ્થિત ગટરલાઈનને પણ નુકશાન થયુ છે. સેકટરોમાં ગટરલાઈનના મેઈન હોલમાં માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા પડયા છે. શહેરમાં અંદાજિત ૩૫ ઠેકાણે ગટરલાઈનમાં ભંગાણ થયુ છે. ભારે વરસાદના લીધે મેઈનહોલની વોલ તુટી હોવાના પણ અનેક કીસ્સા બન્યા છે. હાલ તંત્ર સર્વેના અંતે કામે લાગ્યુ છે. એકતરફ ગટરલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે ભારે વરસાદમાં ગટર સેવા સદંતર ખાડે ગઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

શેહરમાં સતત વરસાદના લીધે ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે અગાઉ થયેલા ખોદકામગીરીના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા વરસાદી દિવસોમાં માર્ગોની એકબાજુએ માટી પોલાણમાં પણ અનેક વાહનો ફસાઈ જતા હોવાની ફરિયાદો ઉદભવી છે. બીજીતરફ સેકટરોની ગટરલાઈનના મેઈન હોલમાં પણ ભંગાણ થતા ઠેર ઠેર ગટરલાઈનની સમસ્યાઓ પેચીદી બની છે. ગટરલાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ હવે અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે ખાડે ગયલી ગટર સુવિધા વરસાદી દિવસોમાં આફતરૂપ બની છે. ભારે વરસાદ દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર ગટરલાઈનમાં ગાબડા પડયા છે. મેઈનહોલની જગ્યાએ પાણી ભરાવાના લીધે ગટર ચેમ્બરોના ભાગે ગાબડા પડયા છે. તંત્ર કક્ષાએ પણ આ મામલે યોગ્ય સર્વે હાથ ધરી કામ શરૂ કરી દેવાયુ છે. પરંતુ શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે કાર્યયોજના હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.



ઉત્તર ગુજરાતમાં આવેલા વિનાશક પૂરથી રાધનપુર તાલુકાના થરાદ, શિહોરી તથા આસપાસના ગામોમાં અનેક પરિવારો બે ઘર થવા પામ્યા છે. આ પરિસ્થિતિમાં સત્યમ કાઠિયાવાડી ઢાબાના સંચાલકે ગાંધીનગરમાંથી ઘરે ઘરે ફરી આશરે ૧૨ હજાર નંગ જુના કપડા, ૧૦ હજાર નંગ સુકા નાસ્તાના પેકેટ તથા ૧૨૦૦ જોડી પગરખા ઉઘરાવી જુનિયર સિટિઝન કાઉન્સિલના વાહનો દ્વારા અસરગ્રસ્તોને પહોંચાડયા હતા. આ સદકાર્યમાં વિજયસિંહ વાળા, સંજયસિંહ જાડેજા, સુનિલભાઈ શાહ અને જુસિકાના સ્વયંસેવકો સહભાગી બન્યા હતા.

## શહેર-જિલ્લા સંગઠ્ઠનના પ્રભારી તરીકે પૃથ્વીરાજ પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણી દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લા સંગઠ્ઠનના પ્રભારી તરીકે પૃથ્વીરાજભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હોવાની જાહેરાત કરી છે.

પ્રદેશ મિડીયા સેલ દ્વારા જારી કરવામાં આવેલ અખબારી યાદીમાં ૩૬ નવા પ્રભારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

સાબરકાંઠામાં પ્રભારી તરીકે પ્રદિપસિંહ વાઘેલા, અરવલ્લીમાં હર્ષદગીરી ગોસ્વામી, મહેસાણામાં જગદીશભાઈ પટેલ, પાટણમાં સૂર્યકાન્તભાઈ નાયક, બનાસકાંઠામાં દુષ્યંતભાઈ પંડ્યાની નિમણૂંક કરવામાં આવી છે.

આ નિમણૂંકો તાત્કાલિક અસરથી અમલી બનશે. ગાંધીનગર જિલ્લા અને શહેરના પ્રભારી બદલાયા છે.

### બ્રહ્મ સમાજનો ઈનામ વિતરણ સમારોહ મોકુફ

સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા ૩૦મીએ તેજસ્વી તારલાઓને સન્માનવાનો યોજાયેલ સમારોહ ભારે વરસાદને પગલે મોકુફ રખાયો છે. નવી તારીખ સભ્યોને જાણ કરવામાં આવશે એમ બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉલ્લાસભેર કરવાના આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ગુરૂકુલ, કલોલ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે યોજાશે. તેમજ માણસા તાલુકામાં તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પરબતપુરા ગામ ખાતે કરવામાં આવશે. તેમજ દહેગામ તાલુકાના તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દેવકરણના મુવાડા ગામે કરવામાં આવશે. તે ઉપરાંત ગાંધીનગર તાલુકા કક્ષાની ઉજવણી ગાંધીનગર શહેરમાં કરવામાં આવશે. આ બેઠકમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, બેઠક વ્યવસ્થા અન્ય વ્યવસ્થા અંગે સંબંધિત અધિકારીશ્રીઓને કલેકટરશ્રીએ જરૂરી સૂચના આપી હતી. જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું રિહર્સલ તા ૧૨મી ઓગષ્ટના રોજ કલોલ ખાતે યોજાશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, કલોલ પ્રાંત અધિકારી શ્રી કે.વી.ભાલોડિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સવા લાખ રૂદ્રાક્ષના ભવ્ય શિવલીંગનું નિર્માણ

ગાંધીનગર, તા. ૨૯

પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથ દાદાની આરાધના અને સ્તુતિવંદના થઈ રહી છે ત્યારે ગાંધીનગરના બાલવા મુકામે ગુરુધામ આશ્રમ બાલવા ચોકડી પાસે સવા લાખ મણકામાંથી ભવ્ય મહાશિવલીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભકતજનોને દર્શન અને પૂજાનો લાભ લેવા દિલીપ ભારતી ગોસ્વામી દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે. ૧ થી ૪ અને ઈન્ફોસીટી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે લાઈન નાખો : મેણાત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના કોંગ્રેસના કાઉન્સીલર શ્રીમતિ પાયલબેન મેણાતે તેમના મતવિસ્તાર સે. ૧, ૨, ૩, ૪ અને ઈન્ફોસીટી વિસ્તારમાં તાત્કાલિક અસરથી વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ લાઈન નાખવા માટે મ્યુનિ. કમિશનરને પત્ર લખી રજુઆત કરી છે. તેમણે આ સેક્ટરોના આંતરિક માર્ગોની તાત્કાલિક દુરસ્તી માટે પણ રજુઆત કરી છે.

તાજેતરમાં શહેરમાં થયેલા ભારે વરસાદમાં આ સેક્ટરો પાણીમાં વધારે ગરકાવ થયા હતા એટલુ જ નહિ લોકોને રાહત પણ સમયસર નહોતી મળી જેને લઈ તેમણે આ અંગે લેખિતમાં રજુઆત કરી છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૧, ૨, ૩-ન્યુ, ૪ તથા ઈન્ફોસીટી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ લાઈન નાખેલી નથી. આથી સમગ્ર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જાય છે, જેથી વસાહતીઓએ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તેમજ આંતરિક રોડ સંપૂર્ણપણે પાણીમાં ઘરકાવ થઈ જાય છે. જેથી રોડ પણ ખરાબ થાય છે.



વરસાદે તારાજી સર્જેલા બનાસકાંઠા તેમજ અન્ય અસરગ્રસ્તોને સહાય મળી રહે તે માટે સેવાભાવી સંસ્થાઓ અને નાગરીકો આગળ આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુંના વસાહતી ભાઈ બહેનો દ્વારા ૫૦૦ કરીયાણાની કીટ તેમજ ૩૫૦ પેકેટ સુખડીના તૈયાર કરીને જિલ્લા કલેકટરને પુરગ્રસ્ત નાગરીકોની સહાય માટે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સેકટરના નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

### જણસારી સમાજ વિકાસ પરિષદ પિડિતોની મદદે

ગાંધીનગર, તા. ૨૯

સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા પુર પીડિતોને સહાય માટેની કામગીરી શરુ કરેલ છે. સમાજે સહયોગ આપવા હોદ્દેદારોને અપીલ કરેલ છે. પુરપીડીતો માટે કીટ તૈયાર કરી પહોંચાડવામાં આવનાર છે. હાલમાં પુરજોશમાં કીટ બનાવવાની જવાબદારી ચાલુ છે. તો સમાજ તથા માનવતા પ્રેમીઓએ આ કામગીરીમાં ફાળો નોંધાવવા મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, ૧૭૯/૨, સે-૧૪ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### ધોરણ-૧૦ની પરીક્ષાના એનરોલમેન્ટ સર્ટીફિકેટ ૩૧મીએ મેળવી લેવા જોગ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યની તમામ માન્ય માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, જુલાઈ-૨૦૧૭ ધોરણ-૧૦ એસ.એસ.સી. પૂરક પરીક્ષાનું પરિણામનું અને માર્ચ-૨૦૧૭ની પરીક્ષાના પ્રમાણપત્રો / ખાનગી ઉમેદવારોના એનરોલમેન્ટ સર્ટીફિકેટ વિતરણ તારીખ: ૩૧/૦૭/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૧૧-૦૦થી ૧૬-૦૦ કલાક દરમિયાન જિલ્લાના વિતરણ સ્થળો ઉપર વિતરણ કરવામાં આવશે. તેમજ દફતર ચકાસણી અને ગુણ ચકાસણીની અરજીઓ તારીખ : ૧૦/૦૮/૨૦૧૭ સુધી વડોદરા બોર્ડની કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટથી ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે સ્વીકારવામાં આવશે. શાળાના મુખત્યારપત્ર સાથે શાળાના પ્રતિનિધિને મોકલી સાહિત્ય અચૂક મેળવી લેવાના રહેશે. નિયત તારીખે જે શાળાઓ તેમનું સાહિત્ય મેળવશે નહીં તેવી શાળાઓએ બીજા દિવસે વિતરણ સ્થળેથી મેળવી લેવાનું રહેશે. જેની નોંધ લેવી તેમ પરીક્ષા સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાની યાદીમાં જણાવાયું છે.

## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા અસરગ્રસ્તો માટે ફુડપેકેટ બનાસકાંઠા મોકલાયા

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં ભારે વરસાદને પગલે બનાસકાંઠામાં પુરની પરિસ્થિતિથી બનાસકાંઠા જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ છે. નાગરીકોના જાનમાલને ભારે નુકશાન થવા પામ્યું છે. પુરમાં પાણીમાં અનેક નાગરીકોએ જીવ ગુમાવ્યો છે. જેને અનુલક્ષી નહેરુ યુવા કેન્દ્ર દ્વારા બનાસકાંઠા અને પાટણ સહિતના અસરગ્રસ્ત વિસ્તારના નાગરીકો માટે બિસ્કીટ, સુખડી બુંદી, નમકીન, ફુલવડી સહિત અનેક ખાદ્ય સામગ્રી તેમજ અન્ય જીવન જરુરી ચીજવસ્તુઓ મોકલવામાં આવી છે.

સમગ્ર રાજયમાં મેઘરાજા મનમુકીને વરસ્યા છે. પરંતુ કેટલાક વિસ્તારમાં મેઘરાજાએ આફત નોંતરી છે. રાજયના બનાસકાંઠા અને પાટણ સહિતના વિસ્તારો વરસાદથી પ્રભાવિત થયા છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે બનાસકાંઠામાં પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. બનાસકાંઠાના તમામ તાલુકા અને ગામડાઓની હાલત કફોડી બની ગઈ છે. પાણીએ તારાજી સર્જતા નાગરીકો ઘર વિહોણા બની ગયા છે. જાનમાલને ભારે નુકશાન થવા પામ્યું છે. તેવા સંજોગોમાં સામાજીક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા મદદની અવિરત સેવા શરુ થઈ ગઈ છે. ખાદ્યસામગ્રી સહિત તમામ જીવન જરુરી ચીજવસ્તુઓ બનાસકાંઠામાં અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવી રહી છે. ત્યારે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, અમદાવાદ, પાલનપુર, મહેસાણા, યુથહોસ્ટેલ ગાંધીનગર, આમજા યુવક મંડળ, ચાંદખેડા યુવક મંડળ સહિતના સૌ સેવાભાવી નાગરીકો દ્વારા બિસ્કીટના ૫૬૦૦, ૨૦૦૦ સુખડી, બુંદી, ફુલવડી, ચાંદખેડાથી અનાજની ૭૫૦ કીટ, સહિતની વસ્તુઓ ભરીને વાહનો રવાના થયા હતા. આ પ્રસંગે યુથ હોસ્ટેલના કોઓર્ડીનેટર રજનીકાંત સુથાર, યુથ બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતા, જિલ્લા પંચાયત સદસ્ય જયેશ ચૌધરી, દલસુખભાઈ ચૌધરી, બિપિનભાઈ રાવલ, જીલુભા ધાંધલ, ભાનુભાઈ શાહ, કશ્યપ નિમાવત, બિપિનભાઈ પંચાલ, રસિકભાઈ દેસાઈ, ગૌતમભાઈ, સહિતના આગેવાનોની હાજરીમાં બે ટેમ્પા ભરીને ચીજવસ્તુઓ લઈને કાર્યકરો રવાના થયા છે.



### જાહેર નિવિદા

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬ અને સ્ટાફ ક્વાટર્સ સેક્ટર-૨૪ ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૧૦/૮/૨૦૧૭ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંસ્થા ખાતે સેક્ટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય

માહિતી/૧૨૧૧/૧૭-૧૮ સરકારી પોલીટેકનીક, ગાંધીનગર

